**Extra No. 199**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] TUESDAY, AUGUST 4, 2026 / SRAVANA 13, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખ: ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકેએચ/૧૫૪/૨૦૨૫/એસીડી/આઈટીસી/ઈ-ફાઈલ/૨/૨૦૨૨/૨૭૨૨/આઈ.ટી. સેક્શન.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**NOTIFICATION**

***Under***

**Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits and Services) Act, 2016.**

**આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ હેઠળ જાહેરનામું**

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

**આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬.**

**ક્રમાંક: જીકેએચ/૧૫૪/૨૦૨૫/એસીડી/આઈટીસી/ઈ-ફાઈલ/૨/૨૦૨૨/૨૭૨૨/આઈ.ટી. સેક્શન:-** ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આધાર નંબરનો ઉપયોગ વ્યક્તિઓને દસ્તાવેજોમાં ઓળખ સાબિત કરવા માટે, સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓ પ્રાપ્ત કરવા સક્ષમ બનાવે છે, પ્રક્રિયાઓને સરળ બનાવે છે અને પારદર્શકતા અને કાર્યકુશળતાને પ્રોત્સાહન આપે છે;

અને ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયએ, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) સાથે પરામર્શ કર્યા પછી, તેમના તા.૨૨મી એપ્રિલ, ૨૦૨૫ના પત્ર ક્રમાંક: ૧૩(૪)/૨૦૨૦-ઈજી-૨(વોલ્યુમ-૧)થી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (જેનો આમાં હવે પછી, "સદરહું વિભાગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), ગુજરાત સરકાર (જેનો આમાં હવે પછી, "સદરહું સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને, સુશાસન (સમાજ કલ્યાણ, નવીનતા, જ્ઞાન) માટે આધાર પ્રમાણીકરણ નિયમો, ૨૦૨૦ (જેનો આમાં હવે પછી, "સદરહું નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના નિયમ ૩ના પેટા-નિયમ (૧) હેઠળ ઠરાવેલા હેતુઓ માટે મંજૂરી આપેલ છે કે સદરહું વિભાગને પ્રમાણીકરણની મંજૂરી આપી શકાશે અને આધાર નંબર ધારકની ઓળખ સાબિત કરવા માટે પ્રમાણીકરણ દરમિયાન આધાર નંબરનો ઉપયોગ કરવાની પરવાનગી આપી શકાશે અને આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬નો ૧૮મો) (જેનો આમાં હવે પછી, "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪ની પેટા-કલમ (૪)ના ખંડ (ખ)ના પેટા-ખંડ (૨) સાથે વાંચતાં, સદરહુ નિયમોના નિયમ ૫ હેઠળ તેને જાહેર કરશે.

અને ખેડૂતો/માછીમારો/પશુપાલકો/લાભાર્થીઓ/નાગરિકો/વિક્રેતાઓ અને વિભાગના સરકારી અધિકારીઓને આઈ-ખેડૂત પોર્ટલ પર, વિભાગની યોજનાઓ અને સેવાઓ આપવા માટે સદરહુ નિયમોના નિયમ ૩ના પેટા-નિયમ (૧) હેઠળ ઠરાવેલી e-KYC પ્રમાણીકરણ સુવિધાઓ (જેનો આમાં હવે પછી, "સદરહુ હેતુ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માટે હા/ના અને/અથવાનો ઉપયોગ કરીને, તેમને પ્રમાણિત કરવા માટે આધાર પ્રમાણીકરણ કરવામાં આવશે અને સદરહુ હેતુ માટે સ્વૈચ્છિક ધોરણે આધાર પ્રમાણીકરણ કરવામાં આવશે અને વિભાગ ફક્ત, ખેડૂતો/માછીમારો/પશુપાલકો/લાભાર્થીઓ/નાગરિકો/વિક્રેતાઓ અને વિભાગના સરકારી અધિકારીઓને આઈ-ખેડૂત પોર્ટલ પર વિભાગની યોજનાઓ અને સેવાઓ આપવા માટે e-KYC પ્રમાણીકરણ સુવિધાઓ (જેનો આમાં હવે પછી, "વપરાશનો હેતુ(ઓ)" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માટે હા/ના અને/અથવાનો ઉપયોગ કરીને પ્રમાણીકરણ કરવું જોઈશે.

તેથી, હવે, અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૪)ના ખંડ (ખ)ના પેટા-ખંડ (૨) સાથે વાંચતાં, સદરહુ નિયમોના નિયમ ૫-ના અનુસાર, સદરહુ વિભાગ, આથી, નીચેની બાબત જાહેર કરે છે:-

(૮) વપરાશકર્તાની e-KYC માહિતીની સંપૂર્ણ વિગતો સ્ક્રીન પર પ્રદર્શિત કરવી જોઈશે નહિ, તેના બદલે ફક્ત પ્રથમ નામ, જન્મનું વર્ષ વગેરે જેવી જરૂરી વસ્તી વિષયક વિગતો પ્રદર્શિત કરવી જોઈશે.

૨. આ જાહેરનામું સરકારી રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સમીર જોષી,**

સરકારના નાયબ સચિવ.

---

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.31 10:13:05 IST